# કેકિંદનો શિલાલેખ.

( ૩૭૭ )

મારવાડરાજ્યના મેડતા નામના પ્રસિદ્ધ શહેરથી નૈઋત્યકોણમાં ૧૪ માઇલને છેટે કેકિંદ નામનું ગામ આવેલું છે. એ ગામમાં પાર્શ્વનાથનું મંદિર છે તેની અંદરના સભામંડપમાં એક સ્તંભ ઉપર આ નંબરવાળો લેખ કોતરેલો છે. મૂળ આ મંદિર ૧૩ મી શતાબ્દીના પૂર્વે બંધાવેલું હોય એમ આ લેખ પછીના નંબરવાળા લેખ ઉપરથી જણાય છે. પ્રસ્તુત લેખમાં વર્ણવ્યા પ્રમાણે નાપાએ તો ફક્ત આ મંદિરનો મૂળ મંડપ અને બંને બાજુની બે ચોકીઓજ નવીન બંધાવી છે. જૂના લેખમાં આ સ્થાનનું સંસ્કૃત નામ ' કિષ્કિંધા ' આપ્યું છે. શ્રીયુત ભાંડારકરે મોકલી આપેલી પ્રતિકૃતિ ( રબીંગ ) ઉપરથી આ લેખ મુદ્રિત કરવામાં આવ્યો છે.

આ લેખ ૪૨ પંક્તિઓમાં લખાએલો હોઇ ૧' ૧" પહોળો અને ૧' ૫" લાંબો છે. પ્રારંભના બે વાકયો સિવાય સમગ્ર લેખ પદ્યમાં છે. ભાષા સંસ્કૃત અને લિપિ દેવનાગરી ઘણીજ સુંદર મરોડવાળી છે. લેખની હકીકત આ પ્રમાણે છેઃ—

પ્રારંભના ૮ પદ્યોમાં યુગાદિદેવ આદિનાથની સ્તવના કરેલી છે. ૯ માં કાવ્યથી તે ૨૨ માં કાવ્યસુધી રાજ્યકર્તા રાઠોડવંશીય નૃપતિયોનું વર્ણન આપ્યું છે, જેમાં સૌથી પ્રથમ રાજાધિરાજા મલ્લદેવનું નામ આપ્યું છે (પદ્ય ૯). આ મલ્લદેવ તે જેને સાધારણ રીતે લોકો માલદેવ કહે છે, તે છે. પછી મલ્લદેવની ગાદિએ આવનાર ઉદયસિંહનું વર્ણન આપવામાં આવ્યું છે. જણાવ્યું છે કે અકબર બાદશાહના વખતમાં, આ ઉદયસિંહ સઘળા રાજાઓમાં વૃદ્ધ હોવાથી બાદશાહે તેને વૃદ્ધરાજ ( મોટા રાજાનું ) નું બિરૂદ આપ્યું હતું ( પદ્ય ૧૨ ). આના પછી તેના ઉત્તરાધિકારી સૂરસિંહરાજાનું વર્ણન આપ્યું છે. લખવામાં આવ્યું છે કે વર્તમાન સમયમાં, બધા હિંદુરાજાઓમાં

૩૪



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરવાથી આ રાજા રામચંદ્ર જેવો છે (પદ્ય ૧૯). જિનદેવની અર્ચા–પૂજા માટે આ રાજા હુકુમ અને ઘૃતાદિનું દાન કરે છે, પોતાના દેશમાં અમારીની ઉદ્ઘોષણા (જીવ દયા માટે ઢંઢેરો) કરાવે છે અને આચામ્લાદિ (જૈનધર્મમાં પ્રસિદ્ધ) તપો કરાવે છે (પદ્ય ૨૦). આના રાજ્યમાં ક્યાંએ ચોરી, જુગાર, શિકાર, મદ્યપાન અને નિઃસંતતિવાળાનું ધનાપહરણ આદિ થતું નથી (પદ્ય ૨૧). આનો પુત્ર ગજસિંહ નામા કુમાર યુવરાજ પદને ધારણ કરે છે (પદ્ય ૨૨). પછીના ત્રણ પદ્યોમાં જણાવવામાં આવ્યું છે કે ઓસવાલવંશના ઉચિતવાલગોત્ર (હાલમાં જેને ઓસ્તવાલ કહે છે) માં જગા નામનો ધનાઢ્ય અને ધર્મિષ્ઠ પુરૂષ થયો જેણે ૩૨ વર્ષ જેટલી મધ્યમ વયમાં જ યોધપુર (જોધપુર) નગરમાં આચાર્યના હાથે ચતુર્થ (બ્રહ્મચર્ય) વ્રત લીધું હતું (પ. ૨૩–૫). તેને નાથા નામે પુત્ર થયો જે પુણ્યાત્મા અને દાતા હતો. 'નાથ[૧]' ની સભામાં તેણે માન પ્રાપ્ત કર્યું હતું. તે નાથાને ગુર્જરદે નામની સુશીલ, રુપવતી, ઘરકાર્યમાં પ્રવીણ અને દેવ ગુરૂમાં ભકિત રાખનારી સ્ત્રી હતી, અને જેણે નાપા નામના પુત્રરત્નને જન્મ આપ્યું હતું. (પદ્ય ૨૭–૨૮) નાપાએ એવાં અનેક સુકૃત્યો કર્યાં હતાં કે જેથી તેની સર્વત્ર પ્રસિદ્ધ થઈ હતી. (પ. ૨૯) એ નાપાને નવલાદે નામની પત્ની હતી અને તેને પાંચ પુત્રો હતા. પુત્રોનાં તથા તેમની પત્નીયો અને તેમના પુત્રોનાં નામોનું કોષ્ટક આ પ્રમાણે છે. (પદ્ય ૩૧–૪).

---

૧ 'નાથ' એ એક પ્રકારના ધર્મગુરૂઓ છે. જોધપુરના તેઓ રાજગુરૂ ગણાય છે અને તેમની ગાદિને રાજ્ય તરફથી એક મ્હોટી જાગીર બક્ષીસ કરેલી છે. તેમનો ઠાઠ એક મ્હોટા જાગીરદારને છાજે તેવો હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાપા—( સ્ત્રી નવલાદે ).

આસા ( સ્ત્રી–સરૂપદેવી ) — વીરમદાસ, જીવરાજ

અમૃત ( મૌલિકદે ) — મનોહર, વર્દ્ધમાન

સુધર્મસિંહ ( સ્ત્રી–ધારલદે )

ઉદય ( સ્ત્રી–ઉછરંગદે )

સાહ્લ

આ પછી કહેવામાં આવ્યું છે કે—આ બધા પરિવાર સાથે નાપાએ સં. ૧૬૫૯ માં શત્રુંજય અને ગિરનારની અને તથા પુનઃ સંવત ૧૬૬૪ માં આર્બુદગિરિ ( આબુ ), રાણપુર, નારદપુરી, ( નાડોલ ), અને શિવપુરી ( શિરોહી )ના પ્રદેશની યાત્રા કરી. ( પદ્ય ૩૫–૬ ). સં. ૧૬૬૬ ના ફાલ્ગુન શુકલપક્ષની તૃતીયાના દિવસે નાપા અને તેની પત્ની બંને જણાએ ચતુર્થવ્રતનો સ્વીકાર કર્યો. તે વખતે ઘણુંક રૂપાનાણું દાનમાં આપ્યું ( પદ્ય. ૩૭ ). પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યનો સદ્વ્યય કરી શુભ ફલ પ્રાપ્ત કરવાની અભિલાષાવાળા એ નાપાએ સંવત ૧૬૬૫ મા મૂલ મંડપ બનાવ્યો અને એની બંને બાજુએ બે ચતુષ્કિકા ( ચોકિ )ઓ બનાવી. આ બાંધકામ કરનાર મુખ્ય સૂત્રધાર ( સલાટ ) તોડર નામે હતો ( પદ્ય. ૩૯–૪૦ ). આ પછીના પદ્યોમાં પ્રતિષ્ઠા કરનારનું વર્ણન આપવામાં આવ્યું છે, તેમાં જણાવ્યું છે કે, તપાગચ્છના આચાર્ય વિજયસેનસૂરિના પટ્ટધર અને ઉચિતવાલ ગોત્રના ભૂષણરૂપ આચાર્ય વિજયદેવસૂરિની આજ્ઞાથી વાચક લબ્ધિસાગર નામના વિદ્વાને આ જિનાલયને પ્રતિષ્ઠિત કર્યું ( પદ્ય ૪૧–૪૪ ). પંડિત શ્રીવિજયકુશલવિબુધના શિષ્ય નામે ઉદયરૂચિએ આ પ્રશસ્તિની રચના કરી, સહજસાગર વિદ્વાનના શિષ્ય જયસાગરે શિલા ઉપર લખી અને તોડર સૂત્રધારે તેને કોતરી આપી; એમ અંતે જણાવી પ્રશસ્તિ પૂર્ણ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર જાલોરના લેખોમાં ( નં ૩૫૪ )ના પ્રતિષ્ઠા કરનાર જયસાગર અને આ પ્રશસ્તિ લખનાર ( બનાવનાર નહિ ) જયસાગર બંને એકજ છે, એમ સહજ જણાય છે. ત્યાંનાજ એક લેખ ( નં ૩૫૬ ) માં સૂત્રધાર તોડરાનું પણ નામ આવે છે, જે આ પ્રસ્તુત લેખમાં જણાવેલો તોડરજ હોવા સંભવ છે. ઉપરના એ લેખમાં લખ્યા પ્રમાણે તોડરા અને તેના બીજા સાથિઓએ એક મૂર્તિ કરાવી હતી ( કે જેના ઉપર ઉક્ત લેખ કોતરેલો છે ) જેની પ્રતિષ્ઠા સં. ૧૬૮૩ માં સ્વયંવિજયદેવસૂરિએ કરી હતી. આ ઉપરથી એમ જણાય છે કે આ સૂત્રધારો પણ જૈનધર્મ પાળતા હોવા જોઇએ.

પ્રતિષ્ઠા કરનાર વાચક લબ્ધિસાગર તે સુપ્રસિદ્ધ ઉપાધ્યાય ધર્મસાગરજીના શિષ્ય અને સાગરગચ્છના સ્થાપક આચાર્ય રાજસાગર* ( કે જેમનું સાધુ અવસ્થાનું નામ મુક્તિસાગર હતું )ના ગુરૂ હતા.

( ૩૭૮ )

આ લેખ, ઉપરના લેખવાળા મંદિરમાંજ મૂલ ગર્ભાગારમાં આવેલી ચરણચોકી અથવા વેદિકા ઉપર કોતરેલો છે. લેખ અપૂર્ણ અને ખંડિત છે. કોઇ ધાંધલ નામના શ્રાવકે સંવત્ ૧૨૩૦ ના આષાઢ શુદિ ૯ ના દિવસે આનંદસૂરિના ઉપદેશથી કાંઈક કરાવ્યું ( ઘણું કરીને પરિકરનો ઉલ્લેખ છે ) તેની નોંધ આ લેખમાં લેવામાં આવેલી છે. આ ઉપરથી જણાય છે કે, આ મંદિર ૧૨૩૦ કરતાં પણ જૂનું હોવું જોઇએ. લેખમાં સ્થાનનું નામ ' કિષ્કિંધ ' આપ્યું છે જે હાલમાંના ' કેકિંદ 'નુંજ સંસ્કૃત રૂપાંતર છે. સાથે આ મંદિરને ' વિધિચૈત્ય ' જણાવ્યું છે તેથી જણાય છે કે, ચૈત્યવાસિયોની વિરૂદ્ધ પક્ષવાળાઓ તરફથી તે બંધાવવામાં આવેલું હશે. ' વિધિચૈત્ય 'ના ખુલાસા માટે ઉપર નંબર ૩૫૨ વાળા લેખાવલોકનમાં આપેલું વિવેચન જોવું.

---

* રાજસાગરસૂરિના સંબંધમાં વિશેષ જાણવા માટે, જુઓ. મ્હારૂં ' जैन ऐतिहासिक गुर्जर काव्यसंचय ' નામનું પુસ્તક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org